# માનસિક વિશિષ્ટ વ્યક્તિઓની ક્ષમતાઓના વિકાસ માટે સૌપ્રથમ એમના વાલીઓએ જ આગળ આવવાનું છે

માનસિક ક્ષતિ દિવસની ઉજવણી દ્વારા માનસિક ક્ષતિ ધરાવતા વિશિષ્ટ વ્યક્તિઓના વાલીઓ અને સમાજમાં જાગૃતિ લાવવામાં આવે છે. આજે આખું વિશ્વ આ દિવસની ઉજવણી કરી રહ્યું છે.

માનસિક વિશિષ્ટ વ્યક્તિઓને સમજીને તેમનામાં રહેલી ક્ષમતાઓના વિકાસ માટે સૌપ્રથમ વાલીઓએ જ આગળ આવવાનું હોય છે અને વાલીઓની આવી જાગૃતિથી જ માનસિક વિશિષ્ટ બાળકો પોતાનામાં રહેલી શક્તિઓને વિકસાવી શકે છે.

## આજે વિશ્વ માનસિક ક્ષતિ દિવસ

આનું એક ઉદાહરણ છે ગાંધીનગરમાં રહેતી પૂજા સોની. પૂજાના પિતા પ્રવિણભાઈએ થોડાં વર્ષો પહેલાં પૂજાને તૈયાર કરવાની નેમ લીધી. ગાંધીનગરમાં કોઈ સંસ્થા ન હોવાથી તેમણે અમદાવાદની સંસ્થામાં પૂજાને પ્રવેશ અપાવ્યો. યોગ્ય તાલીમ અને પ્રોત્સાહનથી ધીરે ધીરે પૂજા એટલી તૈયાર થઈ ગઈ કે એ એકલી પણ અમદાવાદ જવા લાગી. પછી તો એ વિશિષ્ટ વ્યક્તિઓની ક્રિકેટ ટીમની કેપ્ટન પણ બની અને ચાઈના ખાતે આયોજિત સ્પેશિયલ ઑલિમ્પિક્સમાં સાઈકલીંગની સ્પર્ધામાં ભાગ લઈને ચોથું ઈનામ પણ જીતી આવી.

આવું જ બીજું ઉદાહરણ છે વિપુલ જાની. વિપુલે નવમા ધોરણ સુધીનો અભ્યાસ ગમે તેમ કરીને પૂર્ણ કર્યો પરંતુ એ પછી તેને વધુ વયને કારણે અહીં કોઈ સ્કૂલમાં પ્રવેશ મળી શક્યો ન હતો. વિપુલના પિતાએ હાર માની નહીં અને તેને અમદાવાદની સંસ્થામાં તાલીમ માટે મૂક્યો. તાલીમના કારણે વિપુલ એકલો જ અમદાવાદ જતાં શીખી ગયો અને આજે એટલો તૈયાર થઈ ગયો છે કે અમદાવાદના કોઈપણ વિસ્તારમાં એકલો જઈને ઘરે પરત આવી જાય છે. તાજેતરમાં જ દિવાળી નિમિત્તે નગરનાં વિશિષ્ટ બાળકોએ બે સંસ્થાઓના સહકારથી કોડિયાં અને દિવાળી કાડ્‌ર્સ તૈયાર કર્યા હતાં અને એમાંથી પ્રાપ્ત કરેલી કમાણી પોતાના વાલીઓને અર્પણ કરી હતી. પોતાનાં વિશિષ્ટ બાળકો આટલા તૈયાર થઈ પોતાને કમાણી આપી શકશે એવી તો આ વાલીઓને કલ્પના પણ નહોતી પરંતુ તેમ છતાં બાળકોની શક્તિઓને બહાર લાવવાના પ્રયાસ તેમણે કર્યા અને તેઓ સફળ થયા.

એ જ રીતે સ્પેશિયલ ઑલિમ્પિકસની સૉફટબૉલની સ્પર્ધામાં જિલ્લાનાં બે વિશિષ્ટ બાળકોએ ભાગ લીધાના અને ખેલ મહાકુંભમાં રાજ્યકક્ષાએ જિલ્લાનાં ૬૦ જેટલાં બાળકોએ ભાગ લઈ રાજ્યસ્તરે જિલ્લાને ચોથું સ્થાન અપાવ્યાના સમાચારોથી આપણે અવગત છીએ.

આ તો થઈ પાંચ-દસ બાળકોની વાત. પરંતુ, ગાંધીનગર જિલ્લામાં આવાં ૬૦૦થી વધુ માનસિક વિશિષ્ટ બાળકો છે, જે સૌ આટલા નસીબદાર નથી. સૌપ્રથમ એમના વાલીઓએ જાગૃત થવાની જરૂર છે. અને પછી જાગૃતિની જરૂર છે સમાજના હિતચિંતકોને. આજે સમાજમાં માનસિક વિશિષ્ટ બાળકોની સંખ્યા વધતી જાય છે ત્યારે જો સમાજ જાગૃત નહીં હોય તો વિશિષ્ટ બાળકોનો વિકાસ રૂંધાઈ જશે અને તેઓ સમાજ તથા વાલીઓ માટે બોજારૂપ બની રહેશે.

ગાંધીનગર નસીબદાર છે કે આ જાગૃતિનાં બીજ અહીં થોડાં વર્ષો પહેલાં રોપાઈ ચૂક્યાં છે. જિલ્લામાં સરગાસણ ખાતે માનવસ્મૃતિ, પ્રાંતિયા ખાતે સ્મૃતિવિકાસ અને કલોલ ખાતે મંથન જેવી સંસ્થાઓ વિશિષ્ટ બાળકોના વિકાસ માટે કાર્યરત છે જ. એ ઉપરાંત શહેરમાં આ ક્ષેત્રે ગ્રો ફાઉન્ડેશન પણ વિશિષ્ટ પ્રવૃત્તિઓ કરે છે, જેના ફળસ્વરૂપે નગરનાં વિશિષ્ટ બાળકોના વાલીઓએ એકત્ર થઈને 'સાધના' નામે મંડળની શરૂઆત કરી છે ને આ ક્ષેત્રે પ્રવૃત્તિઓ આદરી છે. આંતરરાષ્ટ્રીય સંસ્થા સ્પેશિયલ ઑલિમ્પિક્સ વિશિષ્ટ બાળકોને રમતગમત ક્ષેત્રે આગળ વધારે છે તો હેત ફાઉન્ડેશન વિશિષ્ટ બાળકોને તાલીમ આપી તેમના વિકાસનું કામ કરે છે.

આમ, ગાંધીનગરમાં બીજ વવાઈ ચૂક્યાં છે. હવે એનો વટવૃક્ષ બનાવવાની જવાબદારી જાગૃત વાલીઓ અને સમાજચિંતક નાગરિકોની છે.

- જિજ્ઞેશ રાવલ

# સશસ્ત્ર સેના ધ્વજ દિન નિધિમાં ફાળો આપતા રાજયપાલશ્રી

ગાંધીનગર, તા.૭

ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ આજે રાજભવન ખાતે સશસ્ત્ર સેના ધ્વજ દિન નિધિમાં ફાળો આપ્યો હતો.

આ પ્રસંગે ડૉ. શ્રીમતી કમલાજીએ રાજયના તમામ નાગરિકોને સશસ્ત્ર સેના ધ્વજ દિન નિધિમાં ઉદાર હાથે ફાળો આપવા હાર્દિક અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ધ્વજ દિન સશસ્ત્ર સેનાઓ પ્રત્યે આદર, સન્માન અને ગૌરવની લાગણી વ્યકત કરવાનો અવસર છે. આ પ્રસંગે વિરેન્દ્રસિંહ ચુડાસમા, નિયામક, સૈનિક કલ્યાણ અને પુનર્વસન, ગુજરાત રાજય તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# ગુજરાતભરમાં ઠંડી ફરીથી શરૂ થશે : હવામાન વિભાગ

## ૨૪ કલાકમાં શહેરનું લઘુતમ તાપમાન સામાન્યથી ચાર ડિગ્રી વધુ નોંધાયુ : અચાનક બે દિવસથી ઠંડી ગાયબ થઈ

અમદાવાદ,તા.૭

અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં સામાન્ય રીતે સુકા પવનોના કારણે તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો છે. આવતીકાલે અમદાવાદ શહેરમાં લઘુતમ તાપમાન ૧૭ ડિગ્રીની આસપાસ રહે તેવી શક્યતા છે. આજે રાજ્યમાં સૌથી ઓછુ લઘુતમ તાપમાન નલિયામાં ૧૪.૭ ડિગ્રીનોંધાયુ હતુ. ગઈકાલે નલિયામાં ૧૫.૨ ડિગ્રી તાપમાન હતુ. આજે નલિયામાં તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. જો કે અમદાવાદમાં ગઈકાલના ૧૭ ડિગ્રીની સરખામણીમાં આજે તાપમાનમાં આંશિક ઘટાડો થયો હતો અને તાપમાન ગઈકાલની સરખામણીમાં ઘટીને ૧૬.૪ ડિગ્રી થયુ હતુ. ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં તાપમાનમાં આંશિક વધારો થયો હતો.

અહીં ગઈકાલના ૧૬ ડિગ્રીની સરખામણીમાં તાપમાન વધીને ૧૬.૫ ડિગ્રી થયુ હતુ. એકાએક તાપમાનમાં વધારો થવાના કારણે લોકો બપોરના ગાળામાં ફરી ગરમીનો અનુભવ કરી રહ્યા છે. જો કે રાત્રે હળવી ઠંડીનો અનુભવ પણ લોકોને થઈ રહ્યો છે.

# ગાણિતિક વિજ્ઞાનથી ઘૂંટણ વગરના રોબર્ટનું મૉડલ તૈયાર કરાયું

## ગુજરાત યુનિવર્સિટી ગણિત વિભાગના વડા ડૉ. નીતા શાહે રાષ્ટ્રીય ગાણિતિક અધિવેશનમાં રસપ્રદ સંશોધનપત્રો રજૂ કર્યા

ગાંધીનગર, તા. ૬

આંકડાઓની માયાજાળથી રચાયેલા ગણિતશાસ્ત્રની વાત માત્ર ગાણિતિક સમીકરણો અને અભ્યાસુ પુસ્તક પુરતી જ સિમીત નથી. પરંતુ વિવિધ ક્ષેત્રોમાં ગાણિતિક વિજ્ઞાન અનેક રીતે ઉપયોગી અને મહત્વનું નિવડ્યું છે. મેનેજમેન્ટ અને મેડીસીન સહિતના અનેક વિષયોમાં ગાણિતિક વિજ્ઞાનની જરૂરીયાત અને ઉપયોગીતા વિશે અભ્યાસના અંતે અનેક તારણો પ્રકાશમાં આવ્યા છે.

ગુજરાત યુનિવર્સિટીના ડીપાર્ટમેન્ટ ઓફ મેથેમેટીક્સના હેડ ડૉ. નિતાબેન શાહે ગણિતની એપ્લીકેશનની મદદથી ઘુંટણ વગરના રોબર્ટની રચના હતું. પરંતુ કપરા સંજોગોમાં પણ તેમણે અનોખી હિંમત અને આત્મવિશ્વાસ સાથે એમ.એસ.સી. એમ.ફીલ. પી.એચ.ડી.નું શિક્ષણ મેળવી ગાણિતિક વિજ્ઞાનમાં ઉજ્જવળ કારકિર્દી બનાવી છે. ગાણિતિક વિજ્ઞાન વિષયમાં ઊંડાણપૂર્વકનો અભ્યાસ કર્યા બાદ ૩૦૦ થઈ વધારે સંશોધન પત્રો તૈયાર કર્યા છે. જ્યારે ૨૦૦ થી વધુ ઈન્ટરનેશનલ કક્ષાના છે. આ ઉપરાંત ૧૫ થી વધુ રિસર્ચ સ્ટુડન્ટ્સને ગાઈડ કરી નવી રાહ ચિંધી છે. અડચણો અને અવરોધો વચ્ચે તેમણે કેનેડાની યુનિવર્સિટીમાંથી પોસ્ટ ડોક્ટરલ વર્કની ડિગ્રી પણ મેળવી છે. હાલ તેઓ મેથેમેટીક્સ ઈન્ટરનેશનલના પ્રકાશીત વકતા સંશોધક લેબોના રેફરી પણ છે. રાષ્ટ્રીય ગાણિતિક



સંદર્ભે રસપ્રદ પ્રોજેક્ટ ગાંધીનગર ખાતે યોજાયેલા રાષ્ટ્રીય ગાણિતિક વિજ્ઞાન-અધિવેશનમાં રજુ કર્યો હતો. ઢાળ ગતિના નિયમ મુજબ કામ કરતા રોબર્ટની વગર પણ સહેલાઈથી સ્ટેપ મુકી મુવમેન્ટ કરી શકે તે મુજબનું આ પ્રોજેક્ટ અનુવયે સંશોધન કરવામાં આવ્યું છે. વિકલાંગ વ્યક્તિઓ માટે આ ગણિત આધારિત રોબો પ્રોજેક્ટ આશીર્વાદ રૂપ નીવડશે તેમ તેમણે જણાવ્યું હતું.

યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન નવી દિલ્હી ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજીના ઉપક્રમે સેક્ટર-૧૫ સ્થિત કડી યુનિવર્સિટી ખાતે આજે રાષ્ટ્રીય ગાણિતિક વિજ્ઞાન અધિવેશનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય ગણિત વર્ષ ૨૦૧૨ અન્વયે યોજાયેલા આ બે દિવસીય અધિવેશનના પ્રારંભે નિવૃત્ત પ્રોફેસર ડૉ. એ.એમ. વૈદ્ય કડી સર્વ વિશ્વ વિદ્યાલયના કુલપતિ ડી.ટી. કાપડીયા રજીસ્ટ્રાર એસ.કે. સુથકિષ્નન, પીલવાઈ કેળવણી મંડળના પ્રવીણભાઈ વ્યાસ, તેમજ અધિવેશનના ચેરમેન પ્રમુખ સ્વામી સાયન્સ કોલેજના અજય ગોર ઉપસ્થિત રહ્યા હતા. આ દરમ્યાન દસ જેટલા તજજ્ઞોએ સંશોધન લેખો પ્રસ્તુત કર્યા હતા. આ તબક્કે ગુજરાત યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ ઓફ મેન્થના વડા ડૉ. નિતાબેન શાહે ગણિતની એપ્લીકેશનથી તૈયાર કરેલ રસપ્રદ ગાણિતિક મોડેલ રજુ કર્યું હતું. શારીરિક વિકલાંગતા ધરાવતા ડૉ. નિતાબેન શાહને મેડીકલ સાયન્સમાં અભ્યાસ કરવાની ઈચ્છા હતી. પરંતુ વિકલાંગતાને લીધે ઈમરજન્સી એટેન્ડ કરવાની તકલીફમાં પ્રશ્નો ઉદ્‌ભવતા તેમનું આ સ્વપ્ન રોળાયું વિજ્ઞાન અધિવેશનમાં ડૉ. નિતાબેન શાહે ગણિતની એપ્લીકેશનની મદદથી ઘુંટણ વગરના રોબર્ટની રચના અંગેનો પ્રોજેક્ટ રજુ કર્યો હતો. તેમણે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે 'ની' કામ ન કરતી હોયત્યારે આ ઘુંટણ વગરના રોબર્ટથી આગળ વધી શકાશે. ઓછી એનર્જી સાથે ઢાળ ગતિના નિયમોને ધ્યાને લઈ ગાણિતિક એપ્લીકેશનની મદદથી આ વિશિષ્ટ મોડલ તૈયાર કરાયું છે. જો કે આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં હજુ ૬ મહિના જેટલો સમય લાગશે. પોતાને નડેલી અડચણો અને અવરોધો અન્ય માટે પણ આડશરૂપ ન થાય તેવા ઉમદા અભિગમ સાથે તેઓ ગાણિતિક વિષયમાં પોતાનું રિસર્ચ કાર્ય આગળ ધપાવી રહ્યા છે. તેમના મત મુજબ ગણિત વિષય સરળ અને રસપ્રદ હોવાની સાથે સમજી શકાય તેવો છે. મેનેજમેન્ટ ઈન્ડસ્ટ્રીજ તેમજ મેડીસીનના ક્ષેત્રે પણ ગાણિતિક વિજ્ઞાન અત્યંત મહત્વનું હોવાનું તેમણે જણાવ્યું હતું. દવા કેટલો સમય લેવી, કેવી અસર કરશે તેમજ તેમા રહેલી કટેન્ટમાં જરૂરી માત્ર મેથેમેટીક્સ મોડેલ પરથી જ નક્કી થાય છે. તેમ પણ તેમણે જણાવ્યું હતું. આજના વિદ્યાર્થીઓ અને યુવા પેઢીને પણ સર્જનાત્મક શક્તિ વિકસાવવા અને નિરાશાને જીવનમાંથી હાંકી કાઢવા સંદેશો પાઠવ્યો હતો. ડૉ. અરૂણભાઈ વૈદ્ય પણ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગાણિતિક ઓલમ્પીયાર્ડમાં ઈન્ટર નેશનલ રેફરી તરીકે સેવા આપે છે. શ્રી નિવાસ રામાનુજના ગાણિતિક સંશોધનોને આગળ ધપાવવા તેમણે પણ વિવિધ મોડલો અને સંશોધનો તૈયાર કર્યા છે. આ તબક્કે તેમણે વિષય આનુસંગીક રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું.

# ઓલ ઈન્ડિયા બાર એક્ઝામ ૯ ડીસેમ્બરે લેવામાં આવશે

અમદાવાદ, તા. ૭

બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દ્વારા ઓલ ઈન્ડિયા બાર એક્ઝામ આગામી તા. ૯ ડિસેમ્બરના રોજ લેવામાં આવશે. આ પરીક્ષા સવારે ૧૧ થી બપોરે ૨ વાગ્યા સુધી લેવાશે. અને પાસ થવા માટે ૪૦ ટકા માર્કસ મેળવવા જરુરી છે. પરીક્ષામાં નેગેટીવ માર્કીંગ નથી. આ પરીક્ષા ઓપનબુક વિધીથી લેવામાં આવશે. આ પરીક્ષા માટે ગુજરાતમાં અમદાવાદ અને સુરત એમ કુલ બે સ્થળોએ એક્ઝામ સેન્ટર આપવામાં આવ્યા છે. જેની વિગતો આ મુજબ છે. ધી એચ બી કાપડિયા ન્યુ હાઈસ્કુલ, તીર્થનગર વિભાગ-૧ની સામે, મેમનગર, અમદાવાદ, ફોન નં. ૦૭૯-૨૭૪૧૪૧૪૦/ ૨૭૪૧૪૧૪૨, સ્કુલ ઓફ લો ઓરો યુનિવર્સિટી ઓફ હોસ્પિટાલીટી એન્ડ મેનેજમેન્ટ, અર્થસ્પેસ, હઝીરા રોડ, ઓએનજીસી સામે, સુરત, ફોન નં. ૦૨૬૧-૪૦૮૮૧૦૦. આ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓએ એડમીટ કાર્ડ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની વેબસાઈટ www. barcouncilofindia.org પરથી મેળવી લેવાની રહેશે. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થી એડવોકેટોની જાણકારી સારૂ એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. જેના સંક્ષિપ્ત મુદ્દાઓ નીચે મુજબ છે. પરીક્ષા માટે લાયકાત ધરાવતા એડવોકેટોના એડમીટ કાર્ડ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની વેબસાઈટ www. barcouncilofindia.org પર તા. ૦૩.૧૨.૨૦૧૨થી ઉપલબ્ધ થશે. પરીક્ષા માટેનું મોડલ પ્રશ્નપત્ર બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. જો કોઈપણ કારણસર પરીક્ષાર્થીને એડમીટ કાર્ડ ન મળ્યું હોય તો તેઓએ પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષાના નિયત સમય કરતાં એક કલાક અગાઉ પહોંચી પરીક્ષા ઈન્ચાર્જનો સંપર્ક કરે. તેઓ પોતાની સાથે પોતાનું ઓળખ કાર્ડ જેમ કે ઈલેક્શન કાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ અથવા તો બાર કાઉન્સિલ દ્વારા અપાયેલું ઓળખ કાર્ડ રજુ કરવું જરૂરી છે. જો કોઈપણ વ્યક્તિ પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારના વિઘ્ન ઉત્પન્ન કરે તો તેઓની સામે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા કડક પગલા ભરશે અથવા તો તેઓની સામે વ્યવસાયીક ગેરવર્તણુંકના પગલાં ભરશે.

## શબ્દાવલી - ૪૯૧૭



### આડી ચાવી

૧. બધા વાપરી શકે તેવું, જનરલ (૫)
૫. બિમાર કે ઘરડા માણસોને પીવડાવાય (૨)
૭. અચકાટ, ખમચાવું તે (૪)
૮. ખોદવાનું એક સાધન (૩)
૧૦. મચકોડ (૨)
૧૧. વેરો (૨)
૧૩. પૈસા આપે તેને... કહેવાય (૩)
૧૪. દોરડાને ઉપર નીચે સરકાવવા મુકાતી ખાસ આકારની ચીજ (૪)
૧૫. દુશ્મની, વેર (૪)
૧૮. નાનો બોલ (૨)
૧૯. ગલુડીયા, કૂતરાના બચ્ચા (૫)
૨૦. વજનીયાં (૨)

### ઊભી ચાવી

૧. સર્વ જગ્યાએ ફેલાયેલું (૪)
૨. ઘા (૩)
૩. નિયમ (૨)
૪. કાચું હોય તે, ... રહેવી (૩)
૬. સાવ ભોટ જેવું (૪)
૯. એક ખાટુ ફળ (૪)
૧૦. મુખ્ય (૪)
૧૨. ભક્ત (૩)
૧૩. અગ્નિથી ચાલતી ટ્રેન (૪)
૧૫. વ્હાલું, અદકેરૂં (૩)
૧૬. છાસીયું, જોસીયું (૩)
૧૭. મન અસ્થિર હોવું (૩)
૧૮. કૃપા (૨)

### શબ્દાવલી ૪૯૧૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) નખશીખ (૩) માલિકી (૫) જુગનુ (૬) પીચકારી (૯) નિરાત (૧૧) ચાબુક (૧૩) શત (૧૪) તગડી (૧૬) રોજગારી (૧૮) કાખ (૨૦) મારૂ (૨૧) વાવડ (૨૨) કમાઈ (૨૩) આવડત

**ઊભી ચાવી :-** (૧) નરપીચાશ (૨) ખજૂરી (૩) માનુની (૪) કીમત (૭) ચબુતરો (૮) કાક (૧૦) રાત (૧૨) સુગરી (૧૪) તગારૂ (૧૫) લખડત (૧૭) જમાઈ (૧૮) કાવડ (૧૯) વાંક (૨૧) વાવ

સરકારી કર્મચારીઓ, નિગમો, કોર્પોરેશનો, કામદારો, ફીક્સ પગારના કર્મચારીઓ, રહેમરાહે નોકરીથી વંચિત પરિવારો, યુવાધનોને તથા આપણા સૌના કુટુંબીજનોને
કોંગ્રેસને વૉટ આપવા હાર્દિક અપીલ
• કેન્દ્રના ચોથા, પાંચમા, છઠ્ઠા પગારપંચની વિસંગતતાઓનો નિકાલ કરેલ નથી.
• સમાન કામ, સમાન વેતનની વિસંગતતાઓ દુર કરેલ નથી.
• આક્સ્મિક અવસાનમાં રહેમરાહે નોકરી બંધ કરી લાખો કુટુંબોને બેકાર કર્યા.
• કેન્દ્ર સરકારે જાહેર કરેલ મોઘવારી ભથ્થુ, છ માસ બાદ ચુકવવામા આવે છે.
• ફીક્સ ટ્રાવેલીંગ એલાઉન્સ તથા ટ્રાવેલીંગ એલાઉન્સમાં છેલ્લા ૧૦ વર્ષમાં કોઈજ વધારો કરવામાં આવેલ નથી.
• કર્મચારીઓને પૂરતા પગાર ન આપવા સુપ્રીમ કોર્ટમાં રાજ્ય સરકાર જાય છે.
• પૂરા પગારની નોકરીઓ બંધ કરી દિધી.
• નવી ભરતીના કર્મચારીઓને પેન્સન પ્રથા બંધ કરી, વૃદ્ધા અવસ્થા બરબાદ કરી.
• યુવાધનને ફક્ત રૂ. ૨૫૦૦ - ૪૫૦૦ ની ફીક્સ પગારની નોકરીઓ. (યુવાધનની ક્રૂર મશ્કરી સમાન)
• નિવૃત્તિના સમયમાં છેલ્લા દિવસોમાં ચાર્જશીટ તથા શિક્ષાના હુકમો.
• સરકારી કર્મચારીઓને જમીનના પ્લોટો આપવાની પ્રથા બંધ.
• ૩થી૪ લાખ ખાલીજગ્યાઓ પર ભરતી બંધ કરી યુવાધનની રોજગારીઓ અટકાવેલ છે.
• શહેરોમાં સીટી સરવેની અંદર અબજોની પ્રોપર્ટી ધરાવનાર માલીકોને રેકર્ડ ઓફ રાઈટ્સથી વંચિત રાખવામાં આવેલ છે.
• ગુજરાતના તમામ કિસાનોની જમીન માપણીના રીસરવેના ૧૫૦૦ કરોડના પ્રોજક્ટ ખામી યુક્ત. (સ્થળ ઉપર માપણી કરવામાં આવતી નથી, ગ્રામ સભાઓ કરવામાં આવતી નથી)
હરેશ કોઠારી - માજીમહામંત્રી / ઉપપ્રમુખ - ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ
માજી ઉપપ્રમુખ - ગુજરાત રાજ્ય કર્મચારી મહાસંઘ
માજી મહામંત્રી - ગુજરાત રાજ્ય લેન્ડ રેકર્ડસ વર્ગ-૩ કર્મચારી મહામંડળ
મહામંત્રી - પેન્સનર્સ સેલ ગુજરાત પ્રદેશ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
આવો આપણે જ આપણી દશા અને દિશા બદલીએ
કોંગ્રેસને વૉટ આપી આભારી કરશોજી

ગાંધીનગર શહેરની મધ્યમાં અધતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
• ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
• ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
• હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
• મોટી ટ્રૂકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮

SANGHI CEMENT
Kisan
VINAYAK 500
TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601